ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ -૦૧ તા.૦૬.૧૨.૨૦૧૭

---------

જાતિ જાતિ વચ્ચે સંઘર્ષ વધારવા કોંગ્રેસે "કોંગ્રેસ વોટ બોર્ડ" ખોલ્યું છે. – શ્રી સંબિત પાત્રા

----------

રાહુલ ગાંધી રામમંદિરની ચર્ચા ૨૦૧૯ સુધી મુલત્વી રાખવાંની
કપિલ સિબ્બલની વાતની સ્પષ્ટતા કરે

----------

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય પ્રવક્તા શ્રી સંબિત પાત્રાએ થલતેજ સ્થિત ભાજપાના મીડીયા સેન્ટર ખાતે પત્રકારોને સંબોધતાં જણાવ્યું હતું કે, ગઇકાલે દેશની સર્વોચ્ચ અદાલતમાં શ્રી રામ જન્મભૂમી કેસની સુનાવણીમાં કોંગ્રેસના નેતા અને સુન્ની વકફ બોર્ડના વકીલ શ્રી કપિલ સિબ્બલે સર્વોચ્ચ અદાલત સામે દલીલ કરતાં કહ્યું હતું કે, આગામી લોકસભાની ૨૦૧૯ની ચૂ;ટણીઓ સુધી આ કેસની સુનાવણી ટાળવી જોઇએ, તે સંદર્ભે ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહે કોંગ્રેસ પાર્ટીના ઉપાધ્યક્ષ શ્રી રાહુલ ગાંધીને પ્રશ્ન પૂછ્યો હતો કે, કોંગ્રેસ પાર્ટી રામ જન્મભૂમી કેસની ત્વરીત સુનાવણી માટે સહમત છે કે નહીં? અને કોંગ્રેસના નેતા શ્રી કપિલ સિબ્બલ સુન્ની વકફ બોર્ડ તરફથી કેસ લડી રહ્યાં છે કે કોંગ્રેસ પાર્ટી તરફથી? તેનો ખુલાસો દેશની જનતા સમક્ષ કરે, પરંતુ હજુ સુધી કોઇપણ જવાબ તેમના તરફથી આવ્યો નથી, પરંતુ દેશની જનતાને તેનો જવાબ બીજી રીતે મળી ગયો છે. આજે મીડીયાના માધ્યમથી હાજી મહેબુબ કે જેઓ બાબરી મસ્જિદ એક્શન કમિટીના કો-ઓર્ડિનેટર છે, અને જે આ કેસમાં એક પક્ષકાર તરીકે જોડાયેલા છે, તેમજ તેઓ સેન્ટ્રલ સુન્ની વકફ બોર્ડના સદસ્ય પણ છે, તેમણે તેમના ઇન્ટરવ્યુંમાં કહ્યું કે, સેન્ટ્રલ સુન્ની વકફ બોર્ડની એવી કોઇ જ ઇચ્છા નથી કે, આ કેસની સુનાવણીને ટાળવામાં આવે. તેમણે કહ્યું કે, અમે રાજકીય પાર્ટી નથી, કે જેની અસર ચૂંટણીઓ ઉપર થાય. ત્રણ દિવસ પહેલાં શ્રી કપિલ સિબ્બલ સાથે આ સંદર્ભે મુલાકાત થઇ હતી, તેમાં આ કેસની સુનાવણી ૨૦૧૯ સુધી રોકવાની બાબતે કોઇ જ વાત થઇ ન હતી.

શ્રી પાત્રાએ વધુમાં જણાવ્યું કે, સુન્ની વકફ બોર્ડ વતી જે નિવેદનો મીડીયાના માધ્યમથી બહાર આવ્યા છે, તેમાં દેશની જનતાને સ્પષ્ટ થઇ ચૂક્યું છે કે, આ બધા જ કોંગ્રેસના રાજકીય કાવાદાવા છે. શ્રી પાત્રાએ કોંગ્રેસ પર આકરા પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, આ સંદર્ભે કોંગ્રેસના શ્રી રાહુલ ગાંધીએ સાંજે ૫.૩૦ કલાક સુધીમાં પોતાનો જવાબ જનતાને આપે.

શ્રી પાત્રાએ કોંગ્રેસની તુષ્ટીકરણની રાજનીતિ પર તીખો પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, આ નિર્ણય સુન્ની વકફ બોર્ડનો નહીં, પરંતુ કોંગ્રેસ વોટ બોર્ડનો હતો. કોંગ્રેસે દેશના વિવિધ સમાજો વચ્ચે વિગ્રહ થાય તે માટે આવું એક વોટ બોર્ડ ખોલી રાખ્યું છે.

શાયરાના મિજાજ સાથે શ્રી પાત્રાએ આ ઘટના સંદર્ભે જણાવ્યું કે,

બદલતે હુએ મોસમ કા બદલતા હુઆ પરવાના હું મે,
ગુજરાત મે જનેઉ ધારી હિન્દુ ઔર
યુ.પી., બિહાર મે મૌલાના હું મે.

શ્રી પાત્રાએ ફરી એકવાર કોંગ્રેસના શ્રી રાહુલ ગાંધીને આ મુદે સાંજે ૫.૩૦ કલાક સુધીમાં પોતાનો જવાબ દેશની જનતા સમક્ષ રજૂ કરવા જણાવ્યું હતું.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર – મીડિયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૨ તા. ૦૬.૧૨.૨૦૧૭

---------

## રસ્તા નિર્માણ થકી રોજગાર નિર્માણ, આર્થિક ગતિવિધી તેજ બને અને સામાજિકતા વધે છે

---------

## ભાજપાએ આતંર માળખાકીય સેવાઓના વિકાસને અગ્રીમતા આપી છે

----------

ભાજપાના પ્રદેશ પ્રવક્તા ડો. જગદીશ ભાવસારે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ભાજપાની ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકારે રસ્તાના બાંધકામ થકી રોજગાર નિર્માણની અનેકવિધ તકોનું નિર્માણ કર્યું છે. રસ્તા નિર્માણને પરિણામે આર્થિક ગતિવિધી તેજ બને છે અને સામાજિકતા વધે છે. સમાજ સમાજ વચ્ચેનું અંતર ઘટે છે. આટલી સીધી સટ વાતને ગુજરાત અને દેશની કોંગ્રેસ સમજી શકતી નથી અને વિકાસ વિરોધી રાગ આલાપે છે, જે દુ:ખદ છે.

ડો. જગદીશ ભાવસારે આ અંગેની વધુ વિગતોમાં જણાવ્યું હતું કે, ગાંધીનગરની ગીફ્ટ સિટી એ નાણાંકીય લેવડ દેવડ અને શેરબજાર સાથે સંકળાયેલું મહત્વનું સ્થાન બની રહ્યું છે. મહાત્મા મંદીરએ રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય સંમેલનનું કેન્દ્ર બન્યું છે. સાબરમતી રીવર ફ્રંટ અને કાંકરિયા તળાવ એ સહેલાણીઓ માટેના સ્થાન બન્યા છે. સાબરમતી રીવર ફ્રંટ એ રાષ્ટ્ર અને આંતર રાષ્ટ્રીય આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. સુરત એકલામાં પુલોની સંખ્યા ૧૦૦ના આંકને વટાવી ગઇ છે. સુરતની મુરત બદલાઇ છે તેના પાયામાં ભાજપાની વિકાસલક્ષી અને આંતરમાળખાકીય સેવાઓના વિકાસને અગ્રીમતા આપવાની નીતિ રહેલી છે.

તેઓએ વધુમાં જણાવ્યું છે કે, અમદાવાદથી રાજકોટ મૃત્યુંને હાથમાં લઇને નાના રસ્તા પર જવું પડતું હતું આજે સુવિધા સંપન્ન રોડ બન્યા છે. આ રોડને વિસ્તારવા માટેનું પણ સરકારે આયોજન હાથ ધર્યું હતું. અમદાવાદથી ભુજ ૮ કલાકની મુસાફરી હવે ચાર થી પાંચ કલાકમાં પહોંચી શકાય છે. ભાવનગર – પોરબંદરના વિકાસની મશ્કરી કરતા કોંગ્રેસના નેતાઓ આજે અગાઉ કરતાં ઓછા કલાકોની મુસાફરી કરીને પોતાના સ્થાન પર જઇ શકે છે.

ગુજરાતના પવિત્ર યાત્રાધામ ડાકોર જવું હોય, દ્વારકા જવું હોય, ખોડીયાર મંદિર જવું હોય, સોમનાથ ભગવાનના દર્શને જવું હોય, નારાયણ સરોવર જવું હોય, શક્તિપીઠ માં અંબાજી જવું હોય, પાવાગઢમા કાળકાના દર્શને જવું હોય, ઉનાઇ માતાના મંદિરે જવું હોય, રસ્તાનું સુવિધાવાળુ નેટવર્ક ભાજપાની સરકારે પોતાના શાસનકાળમાં ઉભુ કર્યું છે. અમદાવાદ થી મુંબઇનો માર્ગ ગણતરીના કલાકોમાં આરામથી નિર્વિધ્ને પાર કરી શકાય છે.

ડો. જગદીશ ભાવસારે અંતમાં જણાવ્યું છે કે, અમદાવાદ થી મુંબઇ બુલેટ ટ્રેન, ઘોઘા-દહેજ રો-રો ફેરી સર્વિસ, આંતરરાષ્ટ્રીય કક્ષાના એરપોર્ટનો વિસ્તાર, મેટ્રો રેલ, બી.આર.ટી.એસ., સ્માર્ટ સિટી ગાંમડામાં ૨૪ કલાક વિજળી ભાજપાની આંતર માળખાકીય સુવિધા નિર્માણ થકી રોજગારી સર્જન અને અર્થતંત્ર ને ધમધમતુ કરવાની નીતિ જે વિકાસ વિરોધી કોંગ્રેસને પચતું નથી. ભાજપા એટલે વિકાસ અને વિકાસના મુદ્દે મતદાનનો જ ગુજરાતનો સંકલ્પ છે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર – મીડિયા સેલ